સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

દબાણ હટાવવાના ખેલનો થાય છે કચરો!
રખડતાં ઢોર પકડવાનો, થાય છે કચરો!
મચ્છર પકડવામાં બુદ્ધિનો થાય છે કચરો!
ફેલાય છે ગંદકી, મનપાનો થાય છે કચરો!

હાઈકુ

પડ્યા જાતે જ!
મુક્તિ અપાવનારા -
કોર્ટ ફેરામાં..
(આશારામ-જામીન)

ચડી ગ્યું દોઢે!
છૂટતું નથી નાળું -
'પર્સન્ટાઇલ!'
(સરકાર સુપ્રીમમાં)

ચિંતન

આત્મ દોષૈર્નિયચ્છતિ સર્વે સુખ દુખે જનાઃ ।

'દરેક મનુષ્યને પોતાના કર્મ અનુસાર જ સુખ-દુખ ભોગવવાં પડે છે.'

ઇશ્વર-વિધિ-વિધાતા-ક્યામતનો દિવસ-ચિત્રગુપ્તનો ચોપડો-જીવ-આત્મા અને પરમાત્માનો અંશ-અંતે દિવ્યપ્રકાશમાં વિલિન થવું આ બધા ધર્મોનો અર્ક છે.

ટૂંકમાં જન્મ-જન્માંતરમાં કરેલા કર્મો-પછી તે સત્કર્મો હોય કે દુષ્કર્મો - એની નોંધ વિધિ-વિધાતાને ચોપડે કે આપણા જીવની આસપાસના અંગૂઠા જેટલા પર્યાવરણમાં-મૃત્યુ પછી પણ પ્રકૃતિ તરીકે આપણી સાથે જ આવે છે અને જન્મે છે.

આમ કર્મો અનુસાર જન્મ-પરિવાર પર્યાવરણ-મળે છે એ પ્રમાણે ઉછેર-વિકાસ અને સ્વભાવ મુજબ સુખ-દુખ મળે છે. 'કર્મ' પ્રધાન જીવન કરી રાખ્યું છે. એ ઇશ્વરીય કોમ્પ્યુટરાઇઝ યાંત્રિક ટેકનીક છે એ ખૂદ ઇશ્વરપણ મુક્ત થઇ શકતા નથી.

સુવિચાર

- સૌથી મહત્ત્વનો નિર્ણય લેવાની એક ક્ષણે જ તમારી નિયતિ નક્કી થઇ જાય છે **- વિક્રમ સારાભાઇ**
- મહાન બનવાનો પ્રયાસ ન કરો... સારા સાચા માનવીય અભિગમ વાળા માનવી બનવાનો પ્રયત્ન કરો... મહાનતા એમને એમ મળી જશે **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારું હૃદય પ્રેમનો સાગર બનવું જોઇએ અને મન વિરક્તિની નદી બનવું જોઇએ **- મુનિ ભાનુચંદ્રજી**
- બે જાતનો બાળઉછેર રાક્ષસ જન્માવી શકે.. (૧) 'માત્ર પ્રેમ.. કોઇ નિયમ નહીં.. (૨) માત્ર નિયમો કોઇ પ્રેમ નહીં..' **- હરેશ ધોળકીયા**
- ધન કા લગાયે ધ્યાન, ઐસે હે કંગાળ મન કે રોગી.. જોગી જબ બન જાયે ભોગી.. તો દેશ કી હાલત ક્યા હોગી?? **- અમૃત બિંદુ**
- સંનિષ્ઠાપૂર્વક કરેલું કામ એ પણ એક પ્રકારનું 'ધ્યાન' જ છે **- જ્ઞાનસૂત્ર**
- એકાંત એટલે અનેકનો અંત અને એકનો આરંભ, એક એટલે પોતે.. સર્વનો અંત આવે તો જ 'સ્વ'ની ઓળખ થઇ શકે **- રજનીશ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર આપણે સંસ્કૃતિની કઠિન સ્તુતિઓનો પાઠ સમજ્યા વિના પોપટની જેમ કરીએ છીએ. ભલે આપણે ન સમજીએ પણ ભગવાન તો 'સંસ્કૃત' સમજે જ છે ને - એવી રીતે એક નાની બેબી ચર્ચમાં એબીસીડી બોલતી હતી. પાદરીએ પુછ્યું બેટા પ્રેયરને બદલે એબીસીડી કેમ બોલે છે? બેબીએ કહ્યું, ભગવાન વિદ્વાન છે, એને ગમતી પ્રાર્થના પ્રમાણે ગોઠવી લેશે...'

જીવા ભગત એંસી વર્ષના હતા. કાન બરાબર હતા પણ નજર ઝાંખી થઇ ગઇ. ધૂંધળું દેખાય... સામાન્ય ખેતી હતી. મધ્યમ વર્ગીય ખેડૂત હતા. સાથે મોટા દીકરાના વસ્તાર રહેતો હતો.

જીવા ભગતને એક ઇચ્છા મનમાં બાકી હતી. એંસી વર્ષ થયાં પણ દ્વારકાનાથના દર્શન ન કર્યા. એનો વસવસો હતો. એકવાર દીકરાને ખૂશમિજાજ જોઇ જીવા ભગતે પ્રસ્તાવ મૂક્યો. દીકરા! એંસી વર્ષ થયાં પણ દ્વારકાનાથના દર્શન નથી કર્યા. એકવાર જો તું લઇ જાય તો - ભયો ભયો!

દીકરાએ તરત છણકો કર્યો. બાપા હવે તમને તો દેખાય પણ ક્યાં છે નાહક ખર્ચો કરીને શું કામ છે?

જીવા ભગતે જવાબ દીધો. દીકરા, હું નથી દેખતો પણ દ્વારકાવાળો તો મને જોઇને ખૂશ થાશેને કે હાશ, અંતે જીવો ભગત આવી ગયો ખરો!!

- બીજે જ દિવસે દીકરો ભગતને દ્વારકા લઇ ગયો..

Email - sureshchandrabhatt18@gmail.com

શું તમે સો (૧૦૦) વર્ષ જીવવા ઈચ્છો છો ?

મોરપીંછનાં રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આપણું માનવજીવન અનેક વૈજ્ઞાનિક તથ્યો અને સત્યો તથા ઈશ્વરીય શ્રદ્ધાઓથી ભરેલું છે. આપણા સમાજનો મહિલાવર્ગ ધર્મ, ભક્તિ શ્રદ્ધા, અંધશ્રદ્ધાથી જીવે છે. જ્યારે બીજો વર્ગ વૈજ્ઞાનિક તથ્યો આધારિત જીવે છે.

આપણે ઘણી વખત વાંચીએ છીએ કે પહેલાના જમાનામાં લોકો સરેરાશ સો વર્ષ જીવતા. ઘણા તો ૧૨૦થી ૧૫૦ વર્ષ સુધી જીવતા. એનું કારણ હતું પહેલાના જમાનામાં હવા-પાણી-ખોરાક શુદ્ધ હતા. જ્યારે આજે આ ત્રણેય બિલકુલ અશુદ્ધ મળે છે. પરિણામે માનવીનું આયુષ્ય સરેરાશ ૬૦થી ૭૦ વર્ષનું થઈ ગયું. જો આ પ્રદૂષણ આમને આમ વધતું જશે તો આવતા ૫૦ વર્ષ સુધીમાં આપણું આયુષ્ય પણ ૪૦થી ૫૦ વર્ષનું થઈ જશે.

આવા યુગમાં કોઈ સો વર્ષ જીવી શકે ખરા ? તો હા, જીવી શકાય. પરંતુ એ પહેલા આપણે 'જીવન' જીવવું શબ્દ સમજવો પડશે. સમયની રીતે જોઈએ તો વર્ષના ૧૨ મહિના, એક મહિનાના ૩૦/૩૧ દિવસ. એક દિવસના ૨૪ કલાક. પૃથ્વી પરના પ્રત્યેક માનવી માટે આ ૨૪ કલાક ખૂબ જ મહત્વના છે. આ ૨૪ કલાકમાંથી ૧૨ કલાક દિવસ અને ૧૨ કલાક રાત્રી. આવી કુદરતી ગોઠવણ છે. એમાં રાત્રે આપણે લગભગ નવથી દસ કલાકની ઊંઘ લઈએ છીએ. અને બપોરે એકાદ-બે કલાકની. ટૂંકમાં સરેરાશ ૧૦થી ૧૨ કલાકની ઊંઘ આપણે લઈએ છીએ... 'ઊંઘવું' નિંદ્રાધિન થવું એટલે આપણે આપણા અસ્તિત્વને સંપૂર્ણ વિસરી જવું. શરીરની તમામ શક્તિઓને સંકેલીને નિર્જીવાવસ્થામાં સરી જવું, એનું નામ 'ઊંઘ'. આ ઊંઘ દરમિયાન આપણા શરીરમાં એકમાત્ર 'જીવ' જાગતો હોય છે અને અંદરની ઈન્દ્રિયો એનું કામ કરતી હોય છે !

હવે આપણે આપણી દરરોજની ૧૨ કલાકની ઊંઘમાંથી ધારો કે બપોરની બે કલાકની ઊંઘ અને રાત્રે બે કલાકની ઊંઘ બચાવીએ તો આપણને દરરોજની ચાર કલાક વધારે મળે. અને હું તો કહું છું કે (વિજ્ઞાન પણ કહે છે) આપણને દરરોજ છ કલાકની ઊંઘ સંપૂર્ણ આરામ આપી શકે છે. તો આપણે રાત્રીના ૧૨ કલાકમાંથી છ કલાક બચાવીને બે દિવસના ૧૨ કલાક અને ચાર દિવસના ૨૪ કલાક બચાવીએ. એટલે કે દર ચાર દિવસે આપણે એક વધારાનો ૨૪ કલાકનો દિવસ મેળવી શકીએ તો વર્ષના ૩૬૫ દિવસમાં કુલ ૨૨૯૦ કલાક એટલે કે ૯૧ દિવસ વધારાના મળે. આ દિવસો એટલે કે ત્રણ મહિના આપણે વધારે જીવ્યા કહેવાય. જો આપણે ૮૦ વર્ષ જીવવાના હોઈએ તો એમાં આપણે કાર્ય તો માત્ર ૪૦ વર્ષ જ કરવાના કેમ કે ૪૦ વર્ષ (૧૨) કલાક મુજબ) તો ઊંઘવામાં - સૂવામાં જવાના. પણ દરરોજની ૧૨ કલાકમાંથી ૬ કલાક ઊંઘવાની બચાવીએ (જાગીને કામ કરીએ) તો કુલ ૮૦ વર્ષના બચત કરેલા કલાકોના કુલ ૨૦ વર્ષ થાય એટલે કે ૮૦+૨૦=૧૦૦ વર્ષ આપણે જીવી શકીએ.

મિત્રો, આજનો યુગ એક-એક ક્ષણનો છે. આજે વિશ્વના ટોચના દેશોમાં એક એક સેકન્ડની કિંમત છે. એક એક ક્ષણની ગણતરી થાય છે. જ્યારે આપણા દેશમાં કલાકોના કલાકો વ્યર્થ જાય છે. વેડફાઈ જાય છે.

બીજુ એક નિરીક્ષણ એ પણ છે કે ધારો કે આપણે દર મહિને થિયેટર, ટી.વી. ચેનલો પર કુલ ૧૦ ફિલ્મો જ જોઈએ છીએ તો વર્ષે કુલ ૧૨૦ ફિલ્મો થાય. જેની કુલ કલાકો ૧૨૦ટ૩=૩૬૦ અને ધારો કે દરરોજ માત્ર બે જ ટી.વી. સિરિયલ જોઈએ તો રોજની એક કલાકના હિસાબે વર્ષની ૩૬૫ કલાક થાય. આમ આપણે ફિલ્મ+ટી.વી. પાછળ દર વર્ષે ઓછામાં ઓછી ૩૬૦+૩૬૫=૭૨૫ કલાક એટલે કે એક આખો મહિનો વેડફિએ છીએ. આ ૭૨૫ કલાક બચાવીએ તો એટલા સમયમાં આપણે કોઈપણ કાર્ય કરી શકીએ. વિદ્યાર્થીઓ કે અન્ય યુવાનો આજે ટી.વી. પર ક્રિકેટ મેચ જુએ છે. દરેક વન ડે મેચ ઓછામાં ઓછી આઠ કલાકની હોય છે. તો વળી ટી-૨૦ મેચ પણ પાંચેક કલાકની હોય છે અને આઈપીએલની મેચો... આ બધી કલાકો આપણે કોઈ કાર્ય પાછળ વાપરીશું કે અભ્યાસ પાછળ ખર્ચીશું તો પાંચ-દસ ટકાવારી વધશે અથવા કોઈ નક્કર કાર્ય થઈ શકશે.

આપણા દેશમાં આજે મંદિર, મસ્જિદ, દેરાસરોમાં જવાનો રિવાજ છે. ધાર્મિક પૂજા-વિધિ-આરતીનું માહાત્મ્ય છે. આવા ધાર્મિક કાર્ય પાછળ આપણે સરેરાશ દરરોજ એક કલાક ખર્ચીએ તો વર્ષે ૩૬૫ કલાક થાય છે. વળી, અંધશ્રદ્ધા-અતિશ્રદ્ધાથી પ્રેરાઈને બાધા-બાખડી રાખી હોય એ પૂરી કરવા બહારગામ જવા-આવવાની કલાકો જુદી. આજના યુવાનો પાન-ધુમ્રપાન-તમાકુ-ગુટકા પાછળ દરરોજ માત્ર અડધી કલાક બગાડે તો વર્ષે ૧૮૨ કલાક આપણે તમાકુ માવો ચોળવામાં-ચાવવામાં અને થું‍ંકવામાં બગાડીએ છીએ. આ ઉપરાંત મિત્રો સાથે નવરા બેસીને ગપ્પા મારવા, કે પાનના ગલ્લે ઊભા રહી ટાઈમ પસાર કરવો એ બધાની વર્ષની સો થી દોઢસો કલાકો પણ ખરી.

તો વળી ઈન્ટરનેટ, સર્ફીંગ, ફેસબુક, વોટસઅપ... પાછળ દરરોજની એકાદ-બે કલાક ગણીએ તો પણ વર્ષની કેટલી કલાકો થાય ? એ પણ વિચારવા જેવું છે.

આ રીતે આપણે જોઈએ તો આપણે માત્ર દરરોજની ચારથી પાંચ કલાક જ ઉપયોગી જીવીએ છીએ. જાપાન, અમેરિકા, જર્મની,ઇંગ્લેન્ડ જેવા દેશોમાં આજે એક એક સેકન્ડની ગણતરી થાય છે અને સમગ્ર વિશ્વ જ નહીં, બ્રહ્માંડ પણ એક એક સેકન્ડના સોમાં ભાગની સૂક્ષ્મતાના લયમાં કાર્યરત છે. સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ-ઉલ્કાપાત વિગેરે હજારો વર્ષથી નિયત થયેલાં હોય છે અને એ જ ગણતરી મુજબ એ ઘટનાઓ પણ થાય છે. સૂર્યનું ઊગવું અને આથમવું એ પૃથ્વીની ગતિ દર્શાવે છે. જે હજારો-લાખો-કરોડો વર્ષથી એક જ નિયત થયેલી વ્યવસ્થા મુજબ ચાલે છે.

તો પછી આજે આપણે શા માટે પાછળ રહેવું જોઈએ. વિદ્યાર્થી અવસ્થામાં ટી.વી, ફિલ્મો અને પાન-માવાની કલાકો બચાવીએ તો ટ્યૂશનો વિના દર વર્ષે ૧૦૦% પરિણામ લાવી શકાય. વળી ઊંઘ અને આરામની કલાકો બચાવીને આપણે બીજા અનેક રચનાત્મક કાર્યો કરી શકીએ છીએ. મહાન વિચારકો, સંશોધકો, વૈજ્ઞાનિકો રાત્રીના માત્ર ત્રણથી ચાર કલાક જ ઊંઘ લેતા હોય છે. બાકીના કલાકો તેઓ પોતાના સર્જન કાર્યમાં, સંશોધન કાર્યમાં વિતાવતા હોય છે. આવી વ્યક્તિઓને દરરોજ આઠ-દસ કલાક સુવું એ કિંમતી સમયનો નાશ કરવા બરાબર છે.

મિત્રો, સમય બહુ જ કિંમતી છે. પ્રત્યેક ક્ષણની નોંધ રાખો દરેક ક્ષણ-મિનિટ-કલાકો બચાવીને આપણે સો વર્ષથી પણ વધુ જીવી શકીએ છીએ. કેમકે આજે પૃથ્વી પર 'સમય'થી કિંમતી કોઈ ચીજ નથી અને સમય ગયો એટલે બધું જ ગયું. સમય જ ઈશ્વર છે. સમય જ શાશ્વત છે. સત્યના રસ્તે ચાલતા રહો પ્રત્યેક વ્યક્તિના જીવનમાં એક સમય આવે છે. એ 'સમય'ને ઓળખી જશો તો સમય હંમેશાં તમારો થઈ જશે. તેથી દરેક વ્યક્તિએ પોતાનો 'સમય' ઓળખીને એને અનુરૂપ થઈને જીવવું જોઈએ. આપણે સમયની ઈજ્જત કરીશું તો સમય આપણી ઈજ્જત કરશે.

કવિ બાપુભાઈ ગઢવી શું કહે છે - જુઓ

"કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી ?
તમને સમય નથી ને મારો સમય નથી."

...અગર આપ જેકપોટ પ્રશ્ન ખેલોગે ઔર આપકા જવાબ સચ્ચા હોગા તો આપ દૂસરા દો લાખ રૂપયે જીત સકતે હો! બોલીયે આપ ખેલના ચાહોગે?

એ મહાનાયક કોણ હશે? હળવાશની ક્ષણોમાં!

ચિત્રસેન શાહ

રવિવારની એક સુંદર (સવારે નહીં પણ: ભરબપોરે (!) જયારે લગભગ આખું ગાંધીનગર Holiday ની નિરાંત અનુભવતું ઘસઘસાટ ઊઘતું હતું. (કેટલાક તો વળી નસકોરા પણ બોલાવતા હશે! ઈર્ષા આવે એવી ઊંઘ! કારણ કે ઘણાને તો રાત્રે પણ આવી ઊંઘ આવતી ન હોય!) ત્યારે અમારા ફોનની રીંગ વાગી!

રીંગ વાગ્યા કરી!

રીંગ વાગ્યા કરી! ઘણીવાર આવું બનતું હોય છે! સામેવાળો માણસ અધમુઓ (!) થઇ જાય ત્યાં સુધી બીજે છેડે રીંગ વાગ્યા કરે! કારણ કે ઘરના બધા મેમ્બર્સ આગળ લખ્યા મુજબની ઊંઘમાં હતા!

એકાદ મેમ્બસની જે અર્ધજાગૃત અવસ્થામાં હતો તે એવી ભ્રમણામાં હશે કે બીજા કોઇ ફોન ઉપાડશે જ ને! નાહક બધાએ શા માટે ડિસ્ટર્બ થવું જોઇએ!

છેવટે મને ફોન કરનારની દયા આવી!

મેં વિચાર્યું કે ફોન કરનારને પણ એમ લાગવું જોઇએ કે હજી માણસાઇ મરી પરવારી નથી! તેથી મેં બગાસો ખાતાં ખાતાં ફોન ઉપાડ્યો! ખરેખર 'બગાસો ખાતાં પતાસો પડવા' જેવું થયું! મને જાણે જેકપોટ લાગ્યો હોય તેવું બન્યું! સામે છેડેથી અવાજ આવ્યો -

'હેલ્લો ક્યા આપ શાહજી બોલ રહે હૈ?' મેં જવાબ આપ્યો, 'હાં' તો ફોન કરનારે કહ્યું -

'મૈં અમિતાભ બચ્ચન બોલ રહા હૂં કૌન બનેગા કરોડપતિ કે સેટ સે!'

આવી રીતે અમિતાભના ફોન જેમને પણ આવે અને તેમને એકદમ આશ્ચર્ય સામે રોમાંચ થાય તેમ મને પણ થાય તે સ્વાભાવિક હતું! સૂરતમાં શૂટીંગ હતું અને ત્યાં તેમણે 'કેમ છો?' થી શરૂઆત કરી હતી અને વળી 'ખૂશ્બુ ગુજરાત કી!' પછી તે પણ ગુજરાતી બોલતા - સમજતા શીખી ગયા હશે એમ વિચારી મેં તેમની સાથે ગુજરાતીમાં વાર્તાલાપ શરૂ કર્યો!

('બાવા છાપ' હિંદી બોલતા કરતાં ગુજરાતીમાં બોલવું સારું લાગે! સાંભળનારને પણ ગમે!)

'તો આપ ખરેખર બચ્ચનજી જ છો?'

તેમણે બિલકુલ અમિતાભની સ્ટાઇલમાં જ અને એવા જ લહેકા સાથે કહ્યું.

જી, મૈં અમિતાભ બચ્ચન હીં હૂં!

'જયા કા પતિ' - 'અભિષેક કા પિતા ' - 'એશ્વર્યા કા સસુર' - આરાધ્ય કા ગ્રાન્ડ ફાધર ઔર રેખા કા.... રેખા કા Co-star! - અભી તો આપ માનેંગે ન કી મૈં અમિતાભ બચ્ચન હી બોલ રહા હૂં! તેમણે આગળ બોલતા જણાવ્યું - 'ઘર બૈઠે જીતો પ્રતિયોગીતા મૈં આપ એક લાખ રૂપયે જીત ગયે હો! અગર આપ જેકપોટ પ્રશ્ન ખેલોગે ઔર આપકા જવાબ સચ્ચા હોગા તો આપ દૂસરા દો લાખ રૂપયે જીત સકતે હો! બોલીયે આપ ખેલના ચાહોગે?'

મેં હા માં જવાબ આપ્યો એટલે તેમણે જેકપોટ પ્રશ્ન પુછ્યો તેમ જ તેના ચાર ઓપ્શન આપ્યા. આ રહ્યો તે પ્રશ્ન અને તેના ૪ ઓપ્શન!

પ્રશ્ન - ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસ કેટલા

ઓપ્શન : (અ) ૨૮ (બ) ૨૯ (સી) ૩૦ (ડી) ૩૧

મેં જવાબ આપ્યો -૨૮

અમિતાભે કહ્યું - 'અભિનંદન'

આપતા ઉત્તર બિલકુલ સહી હૈ

આપ કુલ મિલાકત રીન લાખ રૂપિયે જીત ગયે હો!'

અને તેણે ફોન મૂકી દીધો!

ત્યારબાદ મેં એકાદ મહીના સુધી ૩ લાખ રૂપિયાના ચેકની રાહ જોઇ પરંતુ ચેક આવ્યો નહીં એટલે મેં સોની એન્ટરટેઇનમેન્ટનો કોન્ટેકટ કર્યો તો તેમનો જવાબ ચોંકાવનારો હતો!

ત્યાંથી જવાબ મળ્યો, 'મિસ્ટર શાહ, આપકી કુછ ગલતફહમી હોતી હૈ!

આપ કોઇ ઇનામ જીતે નહીં હૈ

ઇસલિયે અમિતાભ કા આપકો ફોન કરને કા કોઇ પ્રશ્ન હીં નહીં ઉઠતા!' એમ કહી તેમણે તો ફોન મૂકી દીધો!

હું તો હતભ્રમ થઇ ગયો! સોનીવાળાનો જવાબ મને પિત્તળ જેવો લાગ્યો.

K.B.C. અંગેના આ બનાવમાં અમારા મનમાં ૩ પ્રશ્નો ઉભા થયા - A.B.C.

(A) અમિતાભ બચ્ચની સ્ટાઇમાં જ એ મહાનાયક કોણ હશે?

(B) ભરબપોરે ફોન કરનારનો આશય શું એ હશે કે લોકોને કાયમ જાગૃત અને કામ કરતાં રાખવા - 'સુવું નહીં ને સુવા દેવું નહીં!'

(જેમ કે શ્રી અમિત શાહે યુપીમાં એક લેકચરમાં કહેલું કે શ્રી નરેન્દ્ર મોદી દિવસરાત સતત કામ કરે છે પોતે સૂતા નથી ને તેમના મંત્રીઓને સૂવા દેવા નથી!)

(C) આ ફોન કરનારને ક્યાં અને કેવી રીતે શોધવો?

અફલાતુન પ્રોગ્રામ K.B.C. ની જેમ જ A.B.C. નો પણ કોઇ જવાબ નથી!

પરંતુ ટૂંકમાં ઓગસ્ટ મહિનામાં 'એપ્રિલફૂલ' બનવા જેવું થયું?

કેબીસીની વાત ચાલે છે તો ચાલો આ લેખની પૂર્ણાહૂતિ પણ એ જ રીતે જ કરીએ!

વાંચકો તૈયાર હોય તો આવ ીજાવ 'હોટ સીટ' પર! પણ અહીં 'હોટ સીટ'ને બદલે 'હોટ બેન્ચ' ની જરૂર પડશે! સાત કોટી (કરોડ) માટેનો પ્રથમ અને આખરી પ્રશ્ન આ રહ્યો -

તાજેતરમાં પાટણ ખાતે રાજયકક્ષાના સ્વાતંત્ર્ય દિન સમારોહ નિમિત્તે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ 'પાટણની પ્રભુતા'માં હેમચંદ્રાચાર્યની ભૂમિકા ખૂબ જ સુંદર રીતે કોણે નિભાવી હતી?

તેના ૪ ઓપ્શન આ રહ્યાં -

(અ) ચેતન શુક્લ (બ) મનોજ જોશી

(ક) ભાગ્યે જહા (ડ) પ્રકાશ લાલા

સાચો જવાબ આપનારને સાત કોટી અભિનંદન મળશે!

સ્વગત સાચો જવાબ નક્કી કરો અને તેની સચ્ચાઇ નક્કી કરવા અને ઇનામના હક્કદાર બનવા જુઓ તારીખ ૧૯મી ઓગસ્ટનું 'ગાંધીનગર સમાચાર!'

ગુજરાતમાં સગીરને બળાત્કારના ગુન્હામાં પ્રથમ વખત ત્રણ વર્ષની સજા કરતી બાળ અદાલત

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે સગીરની વય મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડી ૧૬ વર્ષની કરેલ છે તેવા સંજોગોમાં ગુજરાતમાં જયુએનાઈલ કોર્ટે પ્રથમ વખત કોઈ સગીરને ત્રણ વર્ષની કેદની સજા કરેલ છે.

સોલા વિસ્તારની પાંચ વર્ષની બાળકી ઉપર બળાત્કાર કરી નિર્દય રીતે ગળુ કાપી હત્યા કરવાના આરોપમાં પડકાયેલા ૧૭ વર્ષના સગીરને ત્રણ વર્ષની કેદની સજા બાળ અદાલતે ફરમાવી છે અને ચુકાદામાં નોંધ્યું છે કે સગીરનું આ કૃત્ય પુખ્તવયની વ્યકિતને પણ શરમાવે તેવું ઘૃણાસ્પદ અને હિચકારી છે.

ગત જૂન માસમા બનેલ આ કેસની હકિકત જોતા સોલા વિસ્તારમાં રહેતી સગીર દિકરી સવારે પ્લાસ્ટીકની બોટલમાં પાણી ભરી જતી હતી તે દરમ્યાન તેના પિતાએ પૂછેલ કે કોના માટે પાણી લઈને જાય છે તેમ પૂછતા સગીર દિકરીએ જણાવેલ કે જૈન ટ્રાવેલ્સના ડ્રાઈવર માટે બસમાં પાણી લઈ જવું છું ત્યારબાદ અડધો કલાક ઉપરનો સમય વિત્યા છતાં દિકરીને પાણી આપી પરત ના આવતા પિતાએ બસમાં તપાસ કરતા બસમાં કોઈ જ નહોતું આવી રહેણાંક વિસ્તારના છાપરા તથા આજુબાજુ તપાસ કરતા કોઈ જ મળેલ નહી આખરે હારી થાકી પિતાએ સાંજે ૬ કલાકે સોલા પોલીસ સ્ટેશને દિકરી ગુમ થવા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ટ્રાવેલ્સની બસના કિલનરને શકમંદ ગણી તપાસ કરતા મોડી રાતે ટ્રકના હુડ ઉપર સુતેલી હાલતમાં ઝડપી પોલીસે તપાસ કરતા સગીર સાથે બળાત્કાર કરી બ્લેડથી ગયુ કાપીને હત્યા કરી નાખવાનું કબુલ કરતા ધરપકડ કરી આરોપી સગીર હોય બાળસરક્ષણ ગૃહમાં મોકલી આપેલ જે કેસ ચાલી જતા ફરીયાદ પક્ષના પુરાવા તથા પોલીસ તપાસનો રીપોર્ટ તેમજ આરોપીની ચાલ ચલગત જોઈ આરોપી સામે ગંભીર ગુન્હો છે અને તે લગત પુરતા પુરાવા પણ છે આ ઉપરાંત આરોપીની ખરાબ આદતો હોવાનો પણ પોલીસે રીપોર્ટ આપ્યો હતો આ પ્રકારના કિસ્સા સમાજમાં વધી રહ્યા હોય સમાજમાં દાખલો બેસે તે માટે પણ આરોપી સાતીર હોવા છતાં તેની ઉપર દયા ના રખાય હિચકારી ભર્યા કૃત્ય બાદ અરેરાટી ઉપજાવે તે રીતે નિર્દય રીતે સગીરે ભોગ બનારને નિર્દય રીતે મારી નાંખેલ છે તેવી પણ આરોપી સજાને પાત્ર છે એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ જે. એમ. બ્રહ્મભટ્ટે આરોપીને ત્રણ વર્ષની સજા ફટકારી છે.

સદર કેસમાં પોલીસે સમયસર કાળજી રાખી કાયદાની તમામ પ્રક્રિયા પૂરી કરી અદાલતમાં ચાર્જશીટ સાથે જ તમામ દસ્તાવેજો રજુ કરતા ૬૦ દિવસ જેટલા ટૂંકા ગાળામાં જ કોર્ટમાં કેસ ચાલી જતા ગુજરાતમાં પ્રથમ વખત બળાત્કારનો કેસ આટલી ઝડપી ફાસ્ટ ટ્રેક કોર્ટ કરતા પણ ઝડપી ચલાવી ગુજરાતમાં બાળ અદાલતે ત્રણ વર્ષની સજા આરોપીને કરી હોય તેવો આ પ્રથમ કિસ્સો છે જેનાથી સગીર આરોપીઓમાં ફફડાટ ફેલાશે અને સમાજમાં સગીરો દ્વારા આચરવામાં આવતા ગુન્હાની સંખ્યા ઘટશે.

આ કેસમાં સજા બાદ સગીરને સ્પેશ્યલ બાળ સરક્ષણ ગૃહમાં રાખવામાં આવશે અને ત્રણ વર્ષની સજા પૂરી થાય ત્યારબાદ જ તેને છોડવામાં આવશે.

સદર કેસમાં સગીર આરોપી નશાની કુટેવ પણ ધરાવતો હતો તેમજ પોર્ન ફિલ્મો જોવાની લત પણ હતી તેવું પોલીસ તપાસમાં બહાર આવેલ છે નશાની વિકૃત માનસીકતા વચ્ચે આરોપીઓ આવો ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે નશા માટે ઘરથી દૂર સ્વતંત્ર સ્વચ્છંદી જીવન જીવતા સગીર આરોપી ટ્રાવેલ્સની બસમાં જ પડયો પાથર્યો રહેતો જેથી સમાજથી દૂર કોઈ રોકટોક કરવાવાળા ના હોય તેમજ ખરાબ કુટેવો અને ખરાબ સંગતની અસરથી માનસીક વિકૃતીથી પીડાઈ સગીરે બળાત્કાર તથા હત્યા જેવો ગંભીર ગુન્હો આચરેલ.